**યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારીઓને અભ્યાસક્રમમાં જોડાવવા બાબત..**

## ◈ જાહેરનામુ ◈

આથી સંબંધકર્તા સર્વેને જણાવવામાં આવે છે કે તા. ૨૭.૧૨.૨૦૧૭ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટીના વિદ્યાપરીષદની ૩૭મી બેઠકના કાર્યનોધના મુદ્દા નં. ૩૭.૧૪ થી નીચેની વિગતે ઠરાવ પસાર કરેલ છે. જેનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) જે તે રાજય કૃષિ યુનિવર્સિટી નો વિદ્યાર્થી રાજયની અન્ય યુનિવર્સિટીમાં નોકરીમાં જોડાય અને અગાઉ અભ્યાસપૂર્ણ કરવા માટે તેવા કિસ્સાઓ (૨) રાજય કૃષિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી અન્ય રાજયની કૃષિ યુનિવર્સિટીમાં કે ગુજરાત સરકારના ખેતીવાડી, પશુપાલન તેમજ સંલગ્ન વિભાગમાં નોકરીમાં જોડાય અને અગાઉ અભ્યાસ કરી ચૂકેલ અભ્યાસ પૂર્ણ કરવા માંગતો હોય તેવા તથા (૩) રાજય કૃષિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી તે જ કૃષિ યુનિવર્સિટીમાં નોકરીમાં જોડાય અને તેજ યુનિવર્સિટીમાં ઈન-સર્વિસ તરીકે જોડાય તેવા કિસ્સામાં અભ્યાસમાં જોડાવવાની મંજુરી આપવામાં આવે છે **(પરિશિષ્ટ-૧)** તથા આવા કર્મચારીઓ પાસેથી અભ્યાસ પુન:શરુ કરતા પહેલા પાંચ વર્ષ સુધી નોકરી કરશે તે બાબતનું બોન્ડ લેવાનું રહેશે અને બોન્ડના સમયગાળા પહેલા નોકરી છોડવા ઇચ્છે તો પાંચ લાખની રકમ વસૂલાત કરવાની રહેશે તે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧ /**૧૧૬૪-૧૨૧૩**/ ૨૦૧૮
નવસારી તા. ૮.૨.૨૦૧૮

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટીના વિદ્યાપરીષદના ના તમામ સભ્યોશ્રીઓ તરફ
(૨) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
(૩) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજ/ પોલીટિકનીકના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ
(૪) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ
(૫) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ..

**નકલ જયભારત સાથે રવાના:-**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ સારુ.
(૨) અત્રેની કચેરીની તમામ શાખાઓ (પરીક્ષા/એકેડેમીક) તરફ જાણ સારુ..

## પરિશિષ્ટ-૧

**મુદ્દા નં .૧.જે તે રાજય કૃષિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી રાજયની અન્ય કૃષિ યુનિવર્સિટીમાં નોકરીમાં જોડાય અને અગાઉ કરી ચુકેલ અભ્યાસ પૂર્ણ કરવા માંગે તેવા કિસ્સામાં નીચે જણાવેલી વિગતો ઘ્યાને લેવી .**

- નોકરી દરમ્યાનનો અજમાયશી સમય પૂર્ણ થયેલ હોવો જોઇએ.
- Ph.Dમાં બે વર્ષ (ચાર સેમેસ્ટર) પૂર્ણ થયેલ હોવા જોઇએ તથા તમામ કોર્ષ વર્ક/ સેમિનાર પણ પૂર્ણ થયેલ હોવુ જોઇએ. તે બાબતનું મુખ્ય માર્ગદર્શકનું પ્રમાણપત્ર અવશ્ય હોવું જોઇએ.
- અગાઉ અભ્યાસ છોડયાથી ત્રણ વર્ષની અંદર અભ્યાસ પૂર્ણ કરવા માટે વિભાગ મારફત અરજી કરેલ હોવી જોઇએ.
- આવા કર્મચારીઓ પાસેથી અભ્યાસ પુન:શરુ કરતાં પહેલા પાંચ વર્ષ સુધી નોકરી કરશે તે બાબતનું બોન્ડ લેવાનું રહેશે અને બોન્ડના સમયગાળા પહેલા નોકરી છોડવા ઇચ્છે પાંચ લાખની રકમ વસૂલાત કરવી.
- અનુસ્નાતક અભ્યાસ અંગેની *Minimum Residential Requirement* ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે ત્યારબાદ જ થીસીસ સ્વીકારાશે.

**મુદ્દા નં.ર. રાજય કૃષિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી અન્ય કૃષિ યુનિવર્સિટીમાં કે ગુજરાત સરકારના ખેતીવાડી, પશુપાલન તેમજ સંલગ્ન વિભાગમાં નોકરીમાં જોડાય અને અગાઉ અભ્યાસ કરી ચુકેલ અભ્યાસ પૂર્ણ કરવા માંગે તેવા કિસ્સામાં નીચેની વિગતો ઘ્યાને લેવી.**

- અજમાયશી સમય પૂર્ણ થયેલ હોવો જોઇએ
- Ph.D માં બે વર્ષ (ચાર સેમેસ્ટર) પૂર્ણ થયેલ હોવા જોઇએ તથા તમામ કોર્ષ વર્ક/ સેમિનાર પણ પૂર્ણ થયેલ હોવુ જોઇએ. તે બાબતનું મુખ્ય માર્ગદર્શકનું પ્રમાણપત્ર અવશ્ય હોવું જોઇએ.
- અગાઉ અભ્યાસ છોડયાથી ત્રણ વર્ષની અંદર અભ્યાસ પૂર્ણ કરવા માટે વિભાગ/ખાતા મારફત અરજી કરેલ હોવી જોઇએ.
- અનુસ્નાતક અભ્યાસ અંગેની *Minimum Residential Requirement* ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે ત્યારબાદ જ થીસીસ સ્વીકારાશે.

**મુદ્દા નં.૩ . રાજય કૃષિ યુનિવર્સિટીનો વિદ્યાર્થી તે જ કૃષિ યુનિવર્સિટીમાં નોકરીમાં જોડાય અને તે જ યુનિવર્સિટીમાં ઇન-સર્વિસ તરીકે અભ્યાસમાં જોડાય તેવા કિસ્સામાં નીચેની વિગતો ઘ્યાને લેવી.**

- અજમાયશી સમય પૂર્ણ થયેલ હોવો જોઇએ
- આવા કર્મચારીઓ પાસેથી અભ્યાસ પુન:શરુ કરતાં પહેલા પાંચ વર્ષ સુધી નોકરી કરશે તે બાબતનું બોન્ડ લેવાનું રહેશે અને બોન્ડના સમયગાળા પહેલા નોકરી છોડવા ઇચ્છે પાંચ લાખની રકમ વસૂલાત કરવી.
- અનુસ્નાતક અભ્યાસ અંગેની **Minimum Residential Requirement** ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે ત્યારબાદ જ થીસીસ સ્વીકારાશે.

વધુમાં જે યુનિવર્સિટીમાંથી અભ્યાસ અધુરો મૂકીને પરત તે જ યુનિવર્સિટીમાં ઈન સર્વિસ વિદ્યાર્થી તરીકે પ્રવેશ મળે તેવા કિસ્સામાં અગાઉ અભ્યાસ કરી ચૂકેલ કોર્ષ નંબર/ટાઇટલ કન્ટેન્ટ જો કોઈ ફેરફાર થતો હોય તો તેવા કિસ્સામાં અગાઉ અભ્યાસ કરી ચૂકેલ કોર્સમાંથી Exemption આપવુ અને તેવા કોર્ષનું અગાઉ ઉત્તીર્ણ થયેલ પરિણામ ગણતરીમાં લેવુ તથા ટ્રાન્સક્રીપ્ટ તેમજ જેટલા સેમેસ્ટર માટે આવા કોર્ષનું પરિણામ ગણવામાં આવે તે મુજબ અભ્યાસ કરેલ સેમેસ્ટરની સંખ્યાને પણ ઈન-સર્વિસ વિદ્યાર્થીઓના અભ્યાસના સમયગાળામાં કુલ સેમેસ્ટર માટે ગણતરીમાં લેવાના રહેશે.

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬ ૪૫૦